# ગ્રામ પંચાયત ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસ દ્વારા જીતના દાવા

ગાંધીનગર, તા.૨૯

રાજ્યમાં યોજાયેલ ગ્રામ પંચાયતની ચૂંટણીની મતગણતરી ગુરુવારે વહેલી સવારથી આરંભાઈ હતી. જેમ જેમ પરીણામો જાહેર થતા ગયા તેમ તેમ બંને રાજકીય પક્ષો જીતના દાવા કરતા ગયા. સાચી સ્થિતિ તો જ્યારે સંપૂર્ણ પરિણામો આવ્યા બાદ સ્પષ્ટ બનશે. ગુજરાતમાં ગ્રામ પંચાયત ચૂંટણી માટે મતગણતરીની પ્રક્રિયા શરૂ થયા બાદ મોડી સાંજ સુધી ૭૦ ટકાની આસપાસ પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા. જો કે, ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષો દ્વારા જીતના દાવા કરવામાં આવ્યા હતા. ચૂંટણી વિસ્તૃત ચિત્ર આવતીકાલે જ જાહેર થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. ભાજપ અને કોંગ્રેસ બંનેએ તેમના સમર્પિત ઉમેદવારો જીત્યા હોવાનો દાવો કર્યો હતો. બીજી બાજુ કેટલીક જગ્યાઓએ હિંસાના છુટા છવાયા બનાવો પણ બન્યા હતા. વિજેતા જાહેર થયેલા ઉમેદવારોને હારેલા ઉમેદવાર રોષનો ભોગ બનવો પડ્યો હતો. વડોદરાના કોટલી ગામમાં વિજેતા ઉમેદવારને હારેલા ઉમેદવારે માર મારી લહુલુહાણ કરી દીધા હતા. દાહોદમાં પણ આ પ્રકારનો બનાવ બન્યો હતો. દરમિયાનમાં આજે સવારે મતગણતરીની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ગ્રામ પંચાયતની ચૂંટણીની મતગણતરી ૨૫૨ સ્થળોએ ૧૬૪૩ રૂમમાં ૪૨૪૪ ટેબલો પર ૧૩૩૪૭ કર્મચારીઓ દ્વારા મતણગતરી હાથ

**ગ્રામ પંચાયત ચૂંટણીનું સંપૂર્ણ ચિત્ર આજે સ્પષ્ટ થાય તેવી સંભાવના : ૮૦ ટકાથી વધુ વિક્રમી મતદાન થયા બાદ મતગણતરી મોડી રાત સુધી જારી રહી**

ધરવામાં આવી હતી. ચૂંટણીમાં સૌથી વધુ ૮૭.૪૫ ટકા મતદાન નર્મદા અને સૌથી ઓછું ૭૦.૪૭ ટકા મતદાન ભાવનગર જિલ્લામાં થયું હતું. જ્યારે અમદાવાદ જિલ્લાની ૩૩૨ ગ્રામ પંચાયતમાં ૮૨.૮૦ ટકા મતદાન થયું હતું. અત્રે નોંધનીય છે કે, મંગળવારે ૮૬૨૪ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરેરાશ ૮૦.૧૨ ટકા વિક્રમી મતદાન થયું હતુ. ગામડાના રહિશોએ હોશે હોશે મતધિકારનો ઉપયોગ કર્યો હતો. ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ૧.૬૪ કરોડ કરોડ મતદારોમાંથી ૧.૩૨ મતદારોએ મત આપ્યા હતા. ૨૭ ડિસેમ્બરે થયેલી ગ્રામ પંચાયત ચૂંટણીઓના પરિણામ માટે મતગણતરી કરવા માટે બેલેટપેપર બહાર આવી રહ્યાં છે. સાંજ સુધીમાં ૩૮૦૦થી વધુ ગ્રામ પંચાયતના પરીણામ જાહેર થઈ ગયાં છે.છેલ્લા સમાચાર મળ્યા ત્યારે ૭૦ ટકા જેટલા પરિણામ આવ્યા છે. ગુજરાત કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ સાંજે અમદાવાદમાં પત્રકાર પરિષદ યોજી ગ્રામપંચાયત ચૂંટણી પરિણામો સંદર્ભે પ્રતિક્રિયા આપી હતી. તેમણે જણાવ્યું કે, આજના પરિણામ કોંગ્રેસ તરફી વિધાનસભા ચૂંટણી પહેલાં ભાજપને જાકારો આંપનાર, મોદી વિરુદ્ધ રાહુલની લડાઈમાં રાહુલને જ્વલંત વિજય આફનાર, મસલ અને મનીપાવર લગાવ્યા પછી પણ ભાજપની કારમી હાર સમાન છે. સોલંકીએ જનઆશીર્વાદ માટે જનતાનો આભાર માનતાં કહ્યું કે, ગુજરાતની આ મિની ચૂંટણીમાં મતાધિકારનો ઉપયોગ કરી જનતાએ કોંગ્રેસને પ્રતિસાદ આપ્યો છે અને ગુજરાતમાં ગ્રામીણ વિકાસની ઉપેક્ષા અને ભ્રષ્ટાચાર સામેનું પરિણામ આવ્યું છે. ભાજપ અને કોંગ્રેસ એમ બંને પક્ષ તરફથી તેમના સમર્થિત ઉમેદવારો જીત્યા છે તેવા દાવા રજુ કરવામાં આવ્યા હતા. કોંગ્રેસે લોકોએ તેમને જનસમર્થન મળ્યું હોવાનું તો ભાજપે નોટબંધીના નિર્ણયને લોકોએ વધાવ્યો હોવાની પ્રતિક્રિયા આપી હતી. આ ચૂંટણી પરિણામમાં સૌથી મહત્વની અને આંખે ઉડીને વળગે તેવી રાજકીય ઘટનામાં ભાજપે મત ગણતરી શરૂ થઈ તેના બે ત્રણ કલાકમાં જ પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે વિજયોત્સવ મનાવવાનું શરૂ કરી દીધું હતું. કુલ ૮૬૨૪ ગ્રામ પંચાયત પૈકી ૧૫૦૦ ગ્રામ પંચાયતના પણ પરિણામ આવ્યા નહતા.

## હૈદરાબાદના સાયકલસવારનું પ્રાંતિજ ખાતે સાંસદ દ્વાર ફુલહારથી સ્વાગત

પ્રાંતિજ, તા.૨૯

કેશલેશ અને મોબાઇલ બેકિંગ સેવાનાં સંદેશ સાથે નિકળેલા હૈદરાબાદ થી નરસિંહરાવ કે તા.૯/૧૨/ ૨૦૧૬ થી સાઇકલ લઇને ૧૨૦૦ કી.મીનું અંતર કાપી પ્રાંતિજ ત્રણ રસ્તા ખાતે



સાબરકાંઠાના આકોદરા ગામે નિકળેલ સાયકલ સવાર યુવાનનું પ્રાંતિજ ખાતે ફુલહાર થી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું . આવી પહોચ્યો હતો જ્યાં સાબરકાંઠા- અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડ દ્વારા ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું જયારે નગર પાલિકા પ્રમુખ નિરવભાઇ પરીખ નગરપાલિકાના કોર્પોરેટરો તથા ભાજપ શહેર પ્રમુખ વિજયભાઇ પટેલ સહિત ભાજપ આગેવાનો કાર્યકરો વગેરે ઉપસ્થિત રહી ફુલહાર દ્વારા યુવાનનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

સરકાર દ્વારા ૫૦૦-૧૦૦૦ની નોટબંધીનો નિર્ણય લેતાં અને સમગ્ર ભારતને કેશલેશ બનાવવાં તથા મોબાઇલ દ્વારા બેકીંગ સેવાનો લાભ તથા લોકોમાં કેશલેશને લઈને જન જાગૃતિ આવે તે હેતુથી હૈદરાબાદનો ૨૫ વર્ષનો યુવાન બી. વી.

## વાઈબ્રન્ટમાં વિધાનસભા અને મહાત્મા મંદિર સહીત સ્વર્ણિમ પાર્કમાં રંગબેરંગી રોશની ઝગમગશે

### દિવસે મહાનુભાવોની અવરજવર સાથે રાત્રિનો નઝારો પણ આકર્ષણ જમાવશે

ગાંધીનગર તા ૨૯

વાઈબ્રન્ટ સમિટ -૨૦૧૭ ને અનુલક્ષી નગરને વાઈબ્રન્ટ લુક આપવા માટે સરકારી તંત્ર યુધ્ધના ધોરણે કામે લાગ્યુ છે. પ્રધાનમંત્રીના રૂટમાં પણ સલામતી અને સુશોભનના મુદ્દે જરૂરી પ્રકાશ પાથરવા વિશેષ લાઈટીંગ કરાશે. જયારે નગરના વિવિધ બિલ્ડીંગોને પણ રોશનીથી શણગારવામાં આવશે. વિધાનસભા અને મહાત્મામંદિર સહીત સ્વર્ણિમ પાર્ક વિસ્તારમાં પણ રંગબેરંગી રોશની ઝગમગતી જોવા મળશે.

વાઈબ્રન્ટ સમિટ દરમિયાન દેશ વિદેશના મહેમાનોને આવકારવા માટે નગરને વિશેષ રૂપરંગથી નિખારવામાં આવે છે. જેમાં માર્ગ સુધારણા ઉપરાંત વોક વે તેમજ રોડ ફર્નિચર સાથે રોશનીની ઝગમગાટથી નગરના માર્ગો આકર્ષણનુ કેન્દ્ર બને છે. નગરને દુલ્હનની જેમ શણગારવા માટે તોતિંગ ખર્ચ કરવામાં આવે છે. આ ઉપરાંત નગરના માર્ગો આસપાસ સ્થિત સાઈડ કોર્નર પર પ્લાન્ટેશન કરી હરિયાળા કન્સેપ્ટને પણ વેગ આપવા પ્રયાસ કરાય છે. જયારે વાઈબ્રન્ટ દરમિયાન નગરમાં રાત્રિની રોનક પણ વિશેષ જોવા મળે છે. આગામી વાઈબ્રન્ટ દરમિયાન નગરના વિવિધ સરકારી બિલ્ડીંગોને પણ રોશનીની સજાવટ કરાશે. જેમાં મુખ્યત્વે વિધાનસભા તેમજ મહાત્મા મંદિરને પણ વિશેષ રંગબેરંગી રોશની જોવા મળશે. જયારે નગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કમાં પણ રોશનીની ઝાકમઝોળ જોવા મળશે. વધુમાં ઉદ્યોગભવન સહીતના તોતિંગ બિલ્ડીંગોને પણ સંબંધિત કચેરીઓ દ્વારા સુભોભન કરાશે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન રાત્રિના નગરના માર્ગો આકર્ષણનુ કેન્દ્ર બનતા મુલાકાતીઓની સંખ્યા પણ વિશેષ જોવા મળે છે.



ધી.મ.સા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત બી.એચ. ગાંધી બી.બી.એ. કૉલેજ, મોડાસાના બી.બી.એ. સેમેન્ટર-૪ અને ૬ના વિદ્યાર્થીઓ મધુર ડેરી ટેકનોલોજી તેમજ મેનેજમેન્ટના વિવિધ વિષયોની માહિતી આપવામાં આવી જેવા કે ડેરી ફૂટ સેફટી મેનેજમેન્ટ ISO 22000-2005 તેમજ ISO 22000-2008 ની પ્રાયોગિક સમજ તેમજ તેને અમલમાં લાવવાની માહિતી આવી શૈક્ષણિક પ્રવાસની સાથે NICM ગાંધીનગર એમબીએ ઈન્સ્ટીટ્યુટ ખાતે જોબ પ્લેસમેન્ટ સ્કીલ વિષયના સેમિનારમાં ભાગ લીધો જે વિદ્યાર્થીઓને બીબીએ અભ્યાસપૂર્ણ થયા બાદ ફાયદાકારક નિવડશે. આ શૈક્ષણિક પ્રવાસના સફળ આયોજન બદલ કૉલેજના પ્રભારી માનદ્‌મંત્રી સુરેન્દ્રભાઈ જે. શાહે સંસ્થાના કા. આચાર્ય પ્રા. તુષાર ભાવસાર તથા કાર્યકર્મના કો-ઓર્ડીનેટર પ્રો. રાધાબેન કે. પટેલ અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## ગાંધીનગરમાં સોમવારે અતિ પછાત જાતિના લાભાર્થીઓને ચેક વિતરણ સમારોહ

અતિપછાત જાતિના સર્વાંગી વિકાસના ભાગરૂપે તેઓના આર્થિક ઉત્કર્ષના યોજનાકીય લાભોનો વિતરણ સમારોહ રજી જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષપદે યોજાશે. ટાઉનહોલ, ગાંધીનગર ખાતે સવારે ૯-૩૦ કલાકે યોજાનાર આ સમારોહમાં અતિ પછાત જાતિના સર્વાંગી વિકાસ માટેની સીધા ધિરાણની યોજનાઓ જેવી કે, પેસેન્જર ઓટોરીક્ષા, મહિલા સમૃદ્ધિ યોજના, મહિલા ક્રેડિટ ફાયનાન્સ યોજના અંતર્ગત યોજનાકીય લાભોનું વિતરણ કરવામાં આવશે.

## કોંગ્રેસે ૮૦ ટકા પંચાયતો કબ્જે કરી : સૂર્યસિંહ ડાભી

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લાની ૩૧૨ ગામ પૈકી ૧૯૪ ગામની ચુંટણી યોજાઈ હતી. જેમાં ગાંધીનગર જિલ્લાના વિવિધ તાલુકાના ૧૮ ગામ સમરસ જાહેર થયા હતા. જયારે આજે મતગણતરી બાદ સાંજે ૬ કલાક સુધી ૧૦૬ ગામપંચાયતનું પરિણામ આવી ગયું હતું. જે પૈકી ૮૦ ટકા ઉમેદવાર કોંગ્રેસ સમર્પિત વિજેતા થયા છે. જયારે તેની સરખામણીએ માત્ર ૨૨ ટકા ઉમેદવાર ભાજપ સમર્પિત વિજેતા બન્યા છે. ત્યારે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહજી ડાભીએ જિલ્લાની ૮૦ ટકા ગામ પંચાયતો કોંગ્રેસે કબ્જે કરી હોવાનું જણાવ્યું હતું.

જિલ્લા પંચાયત ગાંધીનગરના પ્રમુખ શ્રી રામાજી ઠાકોરે જણાવેલ છે કે, ગાંધીનગર જિલ્લામાં યોજાયેલ ગ્રામ પંચાયતના સરપંચ અને સભ્યની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષની વિચારધારા ધરાવતા અને કોંગ્રેસ પક્ષમાં માનનારા જિલ્લાના ૯૫ ટકા સરપંચશ્રીઓ અને સભ્યશ્રીઓ વિજયી બનેલ છે.

નોટબંધીની અસર ગ્રામ પંચાયતની ચૂંટણીમાં જોવા મળેલ છે અને ગ્રામ્ય પ્રજાએ કોંગ્રેસ પક્ષમાં વિશ્વાસ મૂકી કોંગ્રેસ પક્ષની વિચારધારાવાળા ઉમેદવારોને ગાંધીનગર જિલ્લામાં વિજયી બનાવેલ છે. ગાંધીનગર જિલ્લાની ગામ પંચાયતોની ચુંટણીને અનુલક્ષી આજરોજ ગાંધીનગર જિલ્લાના વિવિધ તાલુકા મથકે મતગણતરી કેન્દ્ર પર મતગણતરી યોજાઈ હતી. જેમાં ગાંધીનગર તાલુકાના ૭૧ ગામ પૈકી ૨ ગામ સમરસને બાદ કરતા ૪૦ બેઠકોના પરિણામમાં ૩૦ કોંગ્રેસ સમર્પિત ઉમેદવારો, દહેગામમાં પણ ૮૪ ગામ પૈકી ૬ સમરસ બન્યા બાદ ૪૦ ગામના પરિણામમાં ૩૨ કોંગ્રેસને સમર્પિત ઉમેદવાર વિજયી બન્યા છે. જયારે દહેગામ અને ગાંધીનગર તાલુકામાં માત્ર ૧૮ ભાજપ સમર્પિત ઉમેદવાર વિજયી જાહેર થયા છે. જયારે માણસા ૨૫ ગામ પૈકી ૯ ગામ સમરસ થયા છે જયારે સાંજના ૬ કલાક સુધી આવેલ ૧૩ ગામના પરિણામમાં ૧૧ કોંગ્રેસ સમર્પિત ઉમેદવારો છે. તેવીજ રીતે કલોલમાં ૧૪ ગામની ચુંટણીમાં ૧ ગામ સમરસ બન્યું હતું. જયારે ૧૩ ગામના જાહેર પરિણામમાં ૧૧ ઉમેદવારો કોંગેસ સમર્પિત વિજેતા બન્યા છે. જયારે ગાંધીનગર જિલ્લાની કુલ ૧૭૪ પૈકી સાંજના ૬ કલાક દરમિયાન ૧૦૬ ગામના પરિણામ આવી ચુંક્યા છે જેમાં ૮૨ કોંગ્રેસ અને ૨૨ ભાજપ સમર્પિત ઉમેદાવારો વિજયી બન્યા છે. જયારે સમરસ થયેલી ૧૮ ગ્રામ પંચાયતોમાં પણ નજર નાંખીયે તો ૧૧ કોંગેસના અને માત્ર ૫ ભાજપ સમર્પિત ઉમેદવારો છે.

### ‘યાદવાસ્થળી’... ●

**અનુસંધાન પહેલાનું ચાલુ**

રીતે રજૂઆત કરી હતી. આ બેઠકમાં અમરસિંહ અને બેની પ્રસાદ વર્મા ઉપર અખિલેશના વિશ્વાસુ લોકોએ પ્રહારો કર્યા હતા. સાથે સાથે અખિલેશને પૂર્ણ સમર્થન આપવાની જાહેરાત પણ કરી હતી. અખિલેશને સ્પષ્ટ સંદેશો આપવામાં આવ્યો હતો કે તેઓ તેમની સાથે છે. મોટા પગલા લેવાનો સમય આવી ગયો છે. ટિકિટ ન મેળવનાર પ્રધાન અને અખિલેશના નજીકના સાથી અરવિંદસિંહ ગોતે બેઠકમાં અમરસિંહ ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, તેમની ટિકિટ અમરસિંહના કારણે કપાઈ છે. બેની પ્રસાદ વર્માએ પોતાના પુત્રને ટિકિટ અપાવવા માટે શિવપાલ યાદવની સાથે મળીને કાવતરુ ઘડ્યું હતું.

### પ્રમાણ વધારાયું... ●

**અનુસંધાન પહેલાનું ચાલુ**

નોટબંધી બાદ જુની નોટ જમા કરવાની અંતિમ તારીખ છે. શનિવારના દિવસે મોદીને રાષ્ટ્રના નામ સંબોધનને લઈને પણ ચર્ચા જોવા મળી રહી છે. જેટલીએ જુદા જુદા વિષયો ઉપર આજે વાત કરી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે, રૂપિયા ૫૦૦ની નવી નોટ ઉપર હવે વધારે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. રૂપિયા ૫૦૦ની નવી નોટ વધુ ચલણમાં આવ્યા બાદ સ્થિતિમાં ઉલ્લેખનીયરીતે સુધારો થઈ જશે. બીજી બાજુ શનિવારના દિવસે વડાપ્રધાન દ્વારા કોઈ મોટા નિર્ણયની જાહેરાત કરવામાં આવી શકે છે. ૧૯મી ડિસેમ્બર સુધી પ્રત્યક્ષ કરવેરા વસુલાતમાં ૧૪.૪ ટકા, પરોક્ષ કરવેરા વસુલાતમાં ૨૬.૨ ટકા, સેન્ટ્રલ એક્સાઈઝમાં ૪૩.૩ ટકાનો વધારો થયો છે. આરબીઆઈ દ્વારા સ્થિતિને હળવી કરવાના હજુ પ્રયાસો થઈ રહ્યા છે. મોટાપ્રમાણમાં નોટ બદલવામાં આવી છે.

### નવી જાહેરાતો... ●

**અનુસંધાન પહેલાનું ચાલુ**

મોટી રાહત આપી શકે છે. જેમાં ખેડૂતો માટે લોન માફી જેવી યોજનાનો સમાવેશ થાય છે. મોદીએ ૮મી નવેમ્બરના દિવસે રાષ્ટ્રના નામ સંબોધનમાં નોટબંધીની જાહેરાત કરી હતી. આની સાથે જ ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટ ઉપર પ્રતિબંધ મુકી દેવાયો હતો. મોદીએ કહ્યું હતું કે, બ્લેકમની અને આતંકવાદી ફંડિંગ ઉપર સકંજો જમાવવા માટે આ નિર્ણય લેવામાં આવ્યા હતા. મોદી નવી જાહેરાતો કઈ કરી શકે છે તેની સામાન્ય લોકોમાં ચર્ચા જોવા મળી રહી છે. મોદી ગોવામાં પણ સંબોધન કરનાર છે. પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે જેમાં ઉત્તરપ્રદેશનો સમાવેશ થાય છે. મોદી સરકાર સ્થિતિને સામાન્ય રાખવા અને લોકોને પોતાની તરફેણમાં કરવા કોઈ જાહેરાત કરી શકે છે. મોદીના નોટબંધી બાદના પ્રથમ ઈન્ટરવ્યૂમાં ટીવી ટુડે નેટવર્ક ઉપર આઠ વાગે દર્શાવવામાં આવનાર છે. મોદી શુક્રવારના દિવસે અથવા તો નવા વર્ષની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રને સંબોધન કરી શકે છે. ત્યારબાદ બીજી જાન્યુઆરીના દિવસે લખનૌમાં જાહેર રેલી પણ કરનાર છે.

### ચૂંટણી કાર્યક્રમ... ●

**અનુસંધાન પહેલાનું ચાલુ**

જોવા ઈચ્છુક નથી. જાણવા મળેલી માહિતી મુજબ ૩૧મી ડિસેમ્બર અને ચોથી જાન્યુઆરી વચ્ચે કોઈ પણ સમય કાર્યક્રમની જાહેરાત કરવામાં આવનાર છે. જો કે સત્તાવાર સુત્રો તરફથી કોઈ માહિતી મળી શકી નથી. રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી થોડાક દિવસોમાં કેટલીક મોટી જાહેરાતો કરી શકે છે. નોટબંધીના કારણે ભારે મુશ્કેલીનો સામનો કરી ચુકેલા લોકો માટે કેટલીક રાહતની જાહેરાત કરવામાં આવી શકે છે. ગરીબ અને મધ્યમ વર્ગ માટે મોટી જાહેરાતની રાહ જોવામાં આવી રહી છે. આચારસંહિતા લાગુ કરવામાં આવે તે પહેલા કોઈ યોજના જાહેર કરવામાં આવે છે કે કેમ તેની ચર્ચા છે. એક વખતે પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ કોઈ યોજના જાહેર કરી શકાશે નહી. મોદી બીજી જાન્યુઆરીના દિવસે લખનૌમાં વિશાળ રેલીને સંબોધન કરનાર છે. આ રેલીમાં કોઈ યોજના જાહેર કરવામાં આવી શકે છે. આની સાથે જ ભાજપ ઉત્તરપ્રદેશમાં ચૂંટણી પ્રચારનુ રણશિંગુ ફુકવાના મુડમાં છે. જોરદાર અને આકર્ષક યોજના સાથે ભાજપ પ્રચારની શરૂઆત કરવા માટે ઈચ્છુક છે.

### હપ્તાઓમાં પણ... ●

**અનુસંધાન પહેલાનું ચાલુ**

છે. આ અધિકારીનુ નામ બી. શ્રીનિવાસ રાવ છે. આ વ્યક્તિએ એક શખ્સ પાસેથી દોઢ લાખ રૂરપિયાની લાંચ માંગી હતી. આ વ્યક્તિએ ફેરનિર્માણ માટે પોતાના પ્લોટને એકબિલ્ડરને આપી દેવામાં આવ્યા બાદ બાંધછોડ કરવામાં આવી હતી. સુત્રોએ કહ્યુ છે કે જ્યારે અધિકારીએ કહ્યુ હતુ કે આ શખ્સ પાસેથી લાંચ માંગવામાં આવી ત્યારે તે વ્યક્તિએ રોકડ ઉપાડ પર મર્યાદા હોવાના કારણે અસમર્થતા દર્શાવી હતી. ત્યાકબાદ રાવે હપ્તામાં લાંચની રકમની ચુકવણી કરવા માટે કહ્યુ હતુ.

સીબીઆઈ અને અન્ય તપાસ સંસ્થાઓ દ્વારા નોટબંધી બાદ જુદા જુદા એંગલથી કેટલાક શકાસ્પદ કેસોમાં તપાસ કરવામાં આવી રહી છે. દેશના જુદા જુદા ભાગોમાં પાડવામાં આવેલા દરોડા અને તપાસમાં કરોડો રૂપિયાની નવી અને જુની નોટ પણ જપ્ત કરવામાં આવી ચુકી છે.

### તન દુરસ્તી ● ૪

**પાનાનું ચાલુ...**

તમારી માનશીક સ્થિતિ ઉપર રોગ ને કાબુ રાખવા માટે જડબેસલાખ ઔષધી છે. ભાઈ આ સંસારમાં તમે ગમે તેટલા સારા કામ કરો કે ગમેતેટલા ખરાબ કામ કરો પણ ઈશ્વર ની પરીક્ષા માં તમારે પાસ થવાનુજ છે ઈશ્વર તમને હમેશા કાંટાળા રસ્તા ઉપર ચલાવવાના જ છે ભલે લહુલુહાણ થઈ જાઓ પણ હસતા હસતા ચાલતા રહો ઈશ્વરેજ કહ્યું છે તમને એક ગાલે લાફો મારે તો બીજો ગાલ આગળ લાવો પણ ધ્યાન રાખો કે ભગવાન બીજા ગાલે પણ લાફો મારશે અને ભક્ત તરીકે તમારે ત્રીજો ગાલ ધરવાનો છે. લો હજુ પણ મારો આવી મનોદશા થશે અથવાતો આવી માંનસિક તા થશે.ત્યારેજ ભગવાને આપેલા દરેક રોગોને હસતા હસતા માત કરી શકશો અને સદાય માટે વૃંદાવન માં સ્થાન લઈ શકશો.

sgpathlab@gmail.com

